સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

'કુસંપ' ને જૂથબંધી કૉંગ્રેસ સાફ થાય છે,
લાયકાત વિના 'પૈંચાય' ટિકિટ, લાફ થાય છે!
ગ્રાફ જાય છે નીચો દિવસો-દિવસ, વિશ્વાસનો -
લોકમાનસ માપવામાં એ મોટી થાપ ખાય છે!
(કૉંગ્રેસનું નબળું નેતૃત્વ)

હાઈકુ

હવે જરૂર,
ડામાડોળ નાવ ને,
નવો સૂકાની...

થવો જરૂરી -
પાયાથી પુનરોદ્ધાર-
ઢોંગી કૉંગીનો....

ચિંતન

ગૂહતા ગુહાં તમો વિ યાત વિશ્વમત્રિણમ્ ।
જ્યોતિષ્કર્તા યદુશ્મસિ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે ઈશ્વર !! અમે અંધારી ગુફામાં પડ્યા છીએ. આ ઘોર અંધકારમાં ખાઈ જનારા અનેક રાક્ષસો અમને સતાવી રહ્યા છે, આ અંધકારનો નાશ કરીને અમને પ્રકાશનું દાન આપો, જેનાથી આ શત્રુઓથી અમારો છૂટકારો થાય.

અહીં તાત્પર્ય અજ્ઞાનરુપી અંધકાર સાથે છે. આપણે ચારેયબાજુથી અજ્ઞાનથી ઘેરાયેલા છીએ. એમાં કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાર્થ વગેરે આપણા આત્માને પતનની ખાઈમાં નાખવા માટે પ્રયત્નશીલ હોય છે. આપણે પોતાનું કે સંસારનું ભલું કરી શકતા નથી.

અંતઃકરણમાં પરમ જ્ઞાનને પ્રગટાવીને તેના પ્રકાશથી જીવનભર માર્ગદર્શન મળતું રહે એવી અહીં પૂરી વ્યવસ્થા છે. ચિત્તમાં જ્ઞાનનો ઉદય થવાથી બધા કર્મો તે પ્રમાણે જ થાય છે. અને માનવી સરળતાથી આત્મોન્નતિના માર્ગ ઉપર આગળ વધે છે. અજ્ઞાનનું અંધારું દૂર થતાં જ જીવનલક્ષ્યની પ્રાપ્તિ શક્ય બને છે.

સુવિચાર

- રાહ સંગર્ષ કી જો ચલતા હૈ, વોહી સંસાર કો બદલતા હૈ,
  જિસને રાતોં સે હે જંગ જીતી, સુબહ સૂર્ય બનકર વહી ચમકતા હૈ - **દિનકર**
- જેમ પાણી અને અગ્નિ સ્વભાવથી જ વિરોધી છે,
  તેમ ધર્મ અને ક્રોધની ઉપસ્થિતિ પણ વિરોધી છે - **બાણભટ્ટ**
- ઈશ્વર તો ફક્ત આપી શકે, ફક્ત તે લેવાની પાત્રતા આપણામાં હોવી જોઈએ - **ટાગોર**
- 'સત્ય' એટલે મન-વચન-કાયાથી સંયમી હોવું - **વિનોબા**
- ભગવાનનું નામ એવી રીતે લો કે ભગવાન તમારે આધીન થઈ જાય - **એસ ભટ્ટાચાર્ય**
- ભક્તિ સાધન નથી પણ સમસ્ત સાધનોનું સાધ્ય તત્વ છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : બે ટેબલ સ્પુન એલોવેરા જેલ, અડધો ગ્લાસ પાણી, થોડોક બરફ મિક્ષરમાં બરાબર કશ કરી તે પેસ્ટ રૂમાં લઈ બંધ આંખો પર દસ દસ મિનિટ શેક કરવાથી આંખોની બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ધનવાન શેઠે ઘરમાં મંદિર બનાવડાવ્યું. એમાં ભગવાનનું સિંહાસન, પૂજા કરવાના સાધન, બધું જ સોનાનું બનાવડાવ્યું હતું. એમના ઘરનો નોકર ગરીબ અને તે પણ શ્રદ્ધાળુ હતો. તેને થયું કે હું પર મારી ઝૂંપડીમાં આવું કંઈક મંદિર બનાવું ? એણે માનસિક પૂજામાં ઝૂંપડીના એક ખૂણામાં આવા સોનાના મંદિરની પરિકલ્પના કરી. શેઠનું મંદિર છ મહિનામાં પૂરું થયું હતું એમ આ શ્રધ્ધાળુ ગરીબનું મંદિર છ મહિનામાં બની ગયું. શેઠે ધામધુમ કરી એ મંદિરમાં ઠાકોરજીને પધરાવ્યા. ઉત્તમ પૂજા અને મંત્રોચ્ચારથી પ્રાણપ્રતિષ્ઠા કરાવી. આ તરફ પેલા ગરીબ શ્રદ્ધાળુએ પણ માનસિક પ્રાણપ્રતિષ્ઠા કરી. રોજ શેઠે પૂજા શરૂ કરી પણ શેઠે જોયું કે એમના ઠાકોરજીમાં તેજ ન લાગ્યું. એમણે બ્રાહ્મણોને આનું કારણ પૂછ્યું. બ્રાહ્મણોએ કહ્યું, 'શેઠ, આપની શ્રદ્ધામાં કોઈ ખોટ કે ઓટ નથી, અમારી પ્રાણપ્રતિષ્ઠામાં પણ કોઈ ખામી નથી. પણ તમારા ભગવાન તમારા નોકરના માનસ મંદિરમાં બીરાજ્યા છે. તમે આ ગરીબને હાથે આપના ઠાકોરજીની સાતેક દિવસ પૂજા કરાવો એટલે એના હૃદયમાં બીરાજેલા ઠાકોરજી આપના મંદિરમાં બિરાજશે. અને મૂર્તિમાં તેજ આવશે ? શેઠે બ્રાહ્મણોની સૂચનાનું પાલન કર્યું. ગરીબ નોકરે ભાવપૂર્વક સેવા આપી. અને શેઠના ઠાકોરજીમાં અપાર તેજ આવી ગયું.'

નીરવ મોદીનું પ્રત્યાર્પણ

મહા કૌભાંડી ડાયમંડ કિંગ નીરવ મોદી અને એના મામા મેહુલ ચોકસીએ ચાલાકીપૂર્વક પંજાબ નેશનલ બેંકને ચૌદ હજાર કરોડનો ચૂનો લગાડી લંડનમાં ભાગી જવામાં સફળતા મેળવી હતી. તત્કાલીન કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીને મળ્યા પછી છટકેલો હોઈ વિપક્ષોએ એને ભગાડવામાં મોદી સરકારનો હાથ હોવાના અનર્ગળ આક્ષેપો કર્યા હતા. જો કે લોકમાનસમાં એથી વડપ્રધાન નરેન્દ્ર મોદીની છાપ ખરડાઈ નહોતી. લોકસભાની ચૂંટણીમાં આ મુદ્દો ખૂબ ચગાવાયો હતો, પણ એથી મોદીની લોકપ્રિયતાને ઊની આંચ આવી નહોતી. જેમ પેલા જાણીતા દોહરામાં કહ્યું છે કે માણસ માણસમાં ફેર હોય છે; એક ફૂટપાથ પર રખડતો હોય - ટકાના તેરના ભાવે વેચાતા માણસોમાં એની ગણતરી થતી હોય ને બીજાની આજના ક્રિકેટરોની જેમ લાખોમાં બેલી બોલાતી હોય! એ જ શૈલીમાં કહી શકાય કે ફક્ત 'મોદી' અટકના સામ્યથી નીરવ મોદી અને નરેન્દ્ર મોદીને એક માળાના મણકા લેખે ન ખપાવી શકાય. કોઠાસૂઝ ધરાવતી પ્રજા આ વાત બરાબર સમજતી હતી. નીરવ મોદી છટકીને યુકે ભાગી ગયો હતો પરંતુ ભારત સરકારે એનો પીછો કરીને બ્રિટનની વેસ્ટ મિંસ્ટર કોર્ટમાંથી એના પ્રત્યર્પણનો હુમક મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અદાલતના હુકમ પર બ્રિટનનાં ગૃહમંત્રી પ્રીતિ પટેલની સહી થઈ જાય તે પછી નીરવ ગમે તેટલા ધમપછાડા કરશે તો પણ એનો કબજો ભારતને સોંપાશે તે નક્કી થઈ ગયું છે. બ્રિટનમાં જેલવાસ ભોગવી રહેલ નીરવ મોદીને પેરોલ પર કે જામીન પર છોડવામાં પણ કોર્ટને જોખમ લાગ્યું છે. એ ગમે ત્યાં ભાગી જઈ શકે. વિશ્વસનીયતા ગુમાવી બેઠેલા ડાયમંડ કિંગને ભારતમાં ચાલતા કેસ સબબ ભારતને સોંપી દેવામાં બ્રિટનની અદાલતે સલામતી વરતાઈ છે. એની માનસિક સ્થિતિ સારી નથી એવી દલીલ પણ અદાલતે નકારી કાઢી છે. નીરવના વકીલે ભારતની જેલો સુવિધાયુક્ત નહીં હોવાની દલીલ કરી એના અસીલને બ્રિટનમાં રહેવા દેવાની પરવાનગી માગી એનો પણ અદાલતે સ્વીકાર નથી કર્યો. મુંબઈની આર્થર રોડ જેલમાં પૂરી સગવડો છે એવું જજને લાગ્યું છે. જજને ભારતની ન્યાય પ્રણાલીમાં પણ વિશ્વાસ છે. નીરવ મોદીને ભારતમાં ન્યાય મળશે - એવી અંતઃકરણની પ્રતીતિ સાથે એની સોંપણી ભારત સરકારને કરાઈ રહી છે. આ પણ નરેન્દ્ર મોદી સરકારનો જ વિજય ગણાય. ભારત સરકારે નીરવ મોદી સામેની કાર્યવાહીમાં કશી કચાશ નથી રહેવા દીધી એનું આ પ્રમાણ છે. વિપક્ષો 'મોટા મોદી' અને 'છોટા મોદી' નો પ્રાસ મેળવી ટીખલ કરતા રહ્યા છે. મોટા મોદીની સરકાર હવે છોટા મોદીને ભારતની જેલમાં લાવી કેસ ચલાવશે. નાણાકીય અપરાધો કર્યા પછી આવા વગદાર ગુનેગારની પણ કેવી દુર્દશા થાય છે એનું વધુ એક ઉદાહરણ નીરવ મોદીના કેસમાં જોવા મળશે. એ સાચું કે આવા આર્થિક ગુનેગારો નાદારી નોંધાવીને કાયદાના સકંજામાંથી છૂટી જતા હોય છે. એ મુદ્દે પણ મોદી સરકારે કોઈ સુધારા વાળું બિલ પસાર કરવું જોઈએ એમ નથી લાગતું? ખેડૂતના નેતાઓ હવે 'કરેંગે યા મરેંગે' જેવા અંતિમ આંદોલનની ધમકી આપી રહ્યા છે. અબજો રૂપિયાની નીરવ મોદી જેવા સમૃદ્ધ આર્થિક ગુનેગારોની લોનો માંડી વળાય છે અને બેન્કોનું દેવું નહીં ચૂકવી શકનાર ખેડૂતોને આપઘાતનો રસ્તો અપનાવવો પડે છે, એ સ્થિતિ નહીં બદલાય ત્યાં સુધી ભારતમાં સાચી આઝાદી આવી છે એવું લાગશે ખરું ?

તંત્રીસ્થાનેથી...

ઘટેલ યાદશક્તિ

સહેજ મલકીએ!

અનંત પટેલ

ગમે તે કારણ બન્યું હોય પણ મોહનલાલ નિવૃત્ત થયા પછી તેમની યાદ શક્તિ પર ઘણી ખરાબ અસર થઈ હોય એમ લાગતું હતું . જો કે એનો અણસાર તો એમને નિવૃત્તિના છ આઠ મહિના પહેલાં જ આવી ગયેલો. એમને એમનું કામ યાદ ન રહે એ તો એ ચલાવી લેવાય પણ કોઈ માણસ સામે મળે, ને મલકીને એમને

'કેમ સાહેબ ?'

એમ કહે ત્યારે ય એ એને ઝટ ઓળખી ન શકે અને એમની સામે ઘડીભર પ્રશ્નાર્થ નજરે જોઈ જ રહે એટલે પાછી પેલી વ્યક્તિ બોલે,

'કેમ મને ના ઓળખ્યોને ?'

ત્યાર પછી ય એમને કંઈ યાદ ન આવે એટલે એમણે છ સાત સરકારી ખાતાઓમાં નોકરી કરેલી હતી એના આધારે એ તરત પૂછી નાખે,

'ઓહો હો, તમે તો ફોરેસ્ટમાં કેમ ?' એટલે પેલા ભાઈ તરત બોલે,

'શું સાહેબ તમે ય, અમે તો શિક્ષણવાળા... કેમ તે દિવસે આપણે મીટીંગમાં મળેલાને....'

એ વખતે તો મોહનલાલ 'અરે હા હા' કહીને વાત બીજે પાટે ચડાવી દે પણ પછી એમને મનમાં એક વસવસો થયા કરે કે આવું કેમ થતું હશે ? . ખરેખર તો આવું ના થવું જોઈએ. ના ના આમ થવાથી સામેના માણસને કેવું લાગતું હશે ? આનો કંઈક ઉપાય કરવો જ જોઈએ એમ વિચારીને મોહનલાલે તે પછી કોઈ પણ માણસ તેમને બોલાવે કે દૂરથી તેમની સામે જોઈને હાથ હલાવે તો એ ઓળખે કે ન ઓળખે, પણ સામો હાથ હલાવી દેતા. આમાં પહેલાં તો એમને રાહત જેવું લાગ્યું પણ પાછળથી એવું બનવા લાગ્યું કોઈ વ્યક્તિ તેમની સામે હાથ ન હલાવતી હોય કે તેમની સામે જોઈને એ ન હસતી હોય પણ મોહનલાલની આજુબાજુમાં ઉભેલા કોઈ ભાઈ કે બહેનને જોઈને એ એમ કરતા હોય તો પણ એ એની સામે હસી લેતા અને નજીક હોય તો જઈને હાથ મિલાવતા. આ સંજોગોમાં પેલી વ્યક્તિ પ્રશ્નાર્થ નજરે એમને પૂછતી,

'સાહેબ ઓળખાણ ના પડી .... !! મેં તમને તો નથી બોલાવ્યા..હોં ' ...

હવે ભોંઠા પડવાનો વારો મોહનલાલનો આવતો. એ વખતે તો એ ગમે તેમ ગાડુ ગબડાવી દેતા. પણ મોહનલાલની ઘટેલી યાદશક્તિ આમ ઘણી વાર મૂંઝવણ પેદા કરી દેતી હતી. કોઈ વ્યક્તિને ઓળખવાની બાબતમાં તો એમ માની લઈએ કે એમને નોકરી દરમિયાન સંખ્યાબંધ લોકો મળ્યા હોય તેથી સ્વાભાવિક છે કે બધાના ચહેરા એમને યાદ ન રહે પણ ધીરે ધીરે ઘરમાં ય ઘણી બધી બાબતો ભૂલી જતા હતા જેવીકે -

- પોતે જે રુમમાં બેઠા હોય ત્યાંથી ઉભા થઈને બહાર આવે ત્યારે એ રુમનો પંખો લાઈટ બંધ કરવાનું ભૂલી જવું...

પેપરવાળો એનું બિલ લઈ જાય તો એ પત્નીને કહેવાનું ભૂલી જવું...

- પત્ની બહાર ગયેલાં હોય એ દરમિયાન એમના કોઈ સગા કે બહેનપણીનો લેન્ડલાઈન પર ફોન આવ્યો હોય તો એ કહેવાનું ભૂલી જવું,.....

- કોઈ સગાવહાલાનાં છોકરાનાં નામ ભૂલી જવાં..વગેરે વગેરે..

આવું થવાના લીધે મોહનલાલ ટેન્શનમાં રહેવા લાગ્યા. વળી આવા ટેન્શનને લીધે એ બીજું ય ઘણું બધુ ભૂલી જવા લાગ્યા. આવું થવાને કારણે મોહનલાલ પછી તો એકલા બેઠા હોય ત્યારે એ કોઈ જાણીતા ખેલાડી, હીરો , હીરોઈન, કે એમણે જેમના હાથ નીચે નોકરી કરેલી હોય તેવા કોઈ બોસનો ચહેરો એ યાદ કરવા લાગતા. ને એમાં ઘણી વાર એ ચહેરો કે એ વ્યક્તિનું નામ યાદ ન આવે તો એ બેચૈન બની જતા ને પછી થોડી વાર પછી એ ચહેરો કે નામ અચાનક જ યાદ આવી જતું ત્યારે એ ખુશ ખુશાલ થઈ જતા. આમ ખરેખર તો એમની યાદશક્તિ જતી રહી ન હતી પણ એમાં ક્યારેક ટેમ્પરરી મેમરી લોસ જેવું લાગતું હતું . આના ઉપાય તરીકે એમણે મગજને દરેક ઘટના/સમાચાર યાદ રાખવા માટે સક્રિય કરવાનું નક્કી કર્યું ને એમાં એમને ધારી સફળતા પણ મળી ખરી...આમાં એમને વધારે સફળતા તો ત્યારે મળી કે એક વ્યક્તિ કે જેને તે ઓળખતા હતા તે રસ્તામાં સામા મળ્યા તો મોહનલાલ તેમની સામે જોઈને મલકાયા

'કેમ છો ?'

એવું પૂછ્યું ય ખરું તો ય પેલા સજ્જન જાણે ઓળખતા જ ના હોય એમ પાસે આવીને બોલ્યા,

'કંઈ ઓળખાણ પડી નહિ હોં સાહેબ....આપણે ક્યાં ભેગા થયેલા ?...'

આવો સવાલ સાંભળીને મોહનલાલને થયું યાદદાસ્ત તેમણે એકલાએ જ ગુમાવી નથી. પોતાના જેવા બીજા પણ છે એમ જાણીને એમના મનને અદભૂત શાંતિનો અનુભવ થયો.

તેમ છતાં નિવૃત્તિ પછી જીવનમાં માણસે ઘણા બધા ફેરફારો કરવા પડતા હોય છે તે પૈકી બનેલી ઘટનાઓ કે મળેલી વ્યક્તિઓના ચહેરા-નામ વગેરે તો પ્રયત્નપૂર્વક યાદ રાખવું જ પડે છે તે પણ ખૂબ મહત્વનું તો છે જ.....અને ન યાદ રહે તો પણ એનું કશું ટેન્શન કરવું નહિ, કેમ કે એમાં એમને કંઈ નુક્સાન તો થવાનું નથી જ.

મો. ૯૮૯૮૪૦૬૦૫૩
anantpatel135@yahoo.com

મહાત્મા, મેઘાણી અને મહાસંગ્રામ

ઓગસ્ટના ઐતિહાસિક માસ સાથે અનેક યાદગાર ઘટનાઓ સંકળાયેલી છે. દેશની મુક્તિના દ્વાર આ મહિનામાં જ ખુલ્યા. લાલ કિલ્લા પરથી એક નવલા પ્રભાતની ઘોષણામાં દેશના કરોડો માનવીઓની આકાંક્ષાઓનો પ્રતિભાવ પડઘાતો હતો. દેશના ભાગલાની લોહીયાળ ઘટના પણ આજ સમયમાં જગતે જોઈ. અનેક નિર્દોષ લોકોનો અકારણ ભોગ આ વિભિષિકાએ લીધો. આઝાદીનો ઉત્સવ દેશમાં ઉજવાતો હતો ત્યારે આ સોનેરી સ્વતંત્રતાના જનક ગાંધીજી બંગાળમાં ડહોળાયેલી સ્થિતિની વચ્ચે દુઃખી ભાંડુઓની વચ્ચે જઈને ઊભા હતા. આ માસમાં જ ગુજરાતના સમર્થ સંશોધક-લેખક પત્રકાર તથા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલામાં થયો. (તા.૨૮ ઓગસ્ટ-૧૮૯૬) આ માસની જ ૨૯મી તારીખે (૧૯૩૧) બીજી ગોળમેજી પરિષદમાં ઈંગ્લેન્ડ જવા માટે ગાંધીજી ''રાજપૂતાના'' સ્ટીમરમાં બેસીને મુંબઈથી રવાના થયા. કેટકેટલી અસાધારણ ઘટનાઓની સ્મૃતિ ઉરમાં સંઘરીને કાળદેવતા ઊભા હશે ! દેશની આઝાદીના મહાસંગ્રામનું સ્મરણ કરીએ ત્યારે બાપુ ઉપરાંત ઝવેરચંદ મેઘાણીનું નામ અચૂક સ્મૃતિમાં આવે છે. સ્વતંત્રતાના નામ માત્રના ઉચ્ચારણથી જે અનોખી સૌરભ પ્રગટે છે તેનો અનુભવ મેઘાણીને આકંઠ થયો છે. મીઠા અને માર્મીક શબ્દોમાં તેનો ભાવ પણ મેઘાણી પ્રગટ કરે છે. લખ્યું છે :

તારા નામમાં, ઓ સ્વતંત્રતા,
મીઠી આ શી વત્સલતા ભરી ?
મુરદાં મસાણેથી જાગતાં —
એવી શબ્દમાં શી સુધા ભરી !

ગોળમેજી પરિષદમાં બાપુ જતા હોય તેની કથાનો કડીબધ્ધ ઈતિહાસ લખવા સૌરાષ્ટ્રના તે સમયના નિષ્પક્ષ તથા નીડર પત્રકારત્વના મશાલથી અમૃતલાલ શેઠ તલપાપડ થતા હોય તે સ્વાભાવિક છે. તેમના 'સૌરાષ્ટ્ર' અખબારના માધ્યમથી ગોળમેજી પરિષદની ઘટના સાથે વણાયેલા અસંખ્ય રાજકીય તાણાંવાણાં ઉકેલીને તે રજૂ કરવાનો શેઠ સાહેબનો પ્રયાસ હતો. પરંતુ આ બધી ઘટનાઓ વચ્ચે સમગ્ર પ્રસંગના કેન્દ્ર સમાન ગાંધીજીના મનોજગતનું ચિત્રણ કોણ કરી શકે? તંત્રી અમૃતલાલ શેઠ જાણતા હતા કે આ કામ માત્ર મેઘાણી જ કરી શકે! મેઘાણીભાઈ કવિ હતા. દ્રષ્ટા હતા. તેમની તીક્ષ્ણ અને જાગૃત દ્રષ્ટિએ આ પ્રસંગને અનુરૂપ એક અમર રચનાનું સર્જન થયું. રચના એવી ધારદાર કે તે ગાંધીને પણ સ્પર્શી ગઈ તેની પ્રતિતિ મહાદેવભાઈના લખાણ પરથી થાય છે. બાપુની ગોળમેજી પરિષદના પ્રયાણના આખરી સમયે જ ગીત રચાયું. ગીતની કેટલીક પ્રતો કઢાવીને આ ગીતના શબ્દો તાબડતોબ મુંબઈ પહોંચાડવાનો અર્થપૂર્ણ પ્રયાસ થયો. મુંબઈ બંદર પરથી ગાંધીજીની વિદાયના ટાણે ગીતની પ્રતોની વહેંચણી થઈ. પ્રસંગનું ગાંભીર્ય તો હતું જ. પરંતુ આ ઉજળા પ્રસંગને ચાર ચાંદ લગાડવાનું વિરાટ કાર્ય મેઘાણીની નીવડેલી કલમે કર્યું. રાષ્ટ્રપિતાના મનોભાવો તથા વેદનાનું આવું ચિત્રણ કદાચ કોઈ પણ ભાષાના પદ્ય કે ગદ્યમાં મળવું મુશ્કેલ છે. સમગ્ર હિન્દુસ્તાન પૂરા આદરથી ગાંધીને 'ખુદા હાફીઝલ્લ કહે છે. સત્યની આકરી તાવણી માટે ઝેરનો કટોરો પી જવા માટે કવિ આગ્રહ કરે છે !

છેલ્લો કટોરો ઝેરનો! આઃ
પી જજો બાપુ
સાગર પીનારા! અંજલિ
નવ ઢોળજો બાપુ

સુર અસુરના આ નવયુગી ઉદધિ- વલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને !
તું વિના શંભુ ! કોણ પીશે ઝેર દોણે
હૈયા લગી ગરવા ગરલ ઝટ જાઓ રે બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર! કરાળ-કોમલ! જાઓ રે બાપુ !

બાપુની વિરાટ પ્રતિભા મેઘાણીભાઈના શબ્દોમાં કાળા વાદળોની વચ્ચે વિજ ચમકે તેમ આ કૃતિમાં ચમકી રહે છે. 'રાજપૂતાના' સ્ટીમરે પંથ ખેડવાનો પ્રારંભ કર્યો તે પછી મહાદેવભાઈ અનેક પત્રો સાથે મેઘાણીભાઈનું આ કાવ્ય પણ બાપુને વાંચવા આપે છે. આ રચના વાંચીને ગાંધીજીએ કહ્યું: ''મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.લ્લ આરપાર જોઈ શકવાની આવી કવિ દ્રષ્ટિ જગતે બહુ ઓછા કિસ્સામાં જોઈ હશે. ઘનશ્યામદાસજી બિરલાએ આ યાત્રાના પ્રારંભની સ્મૃતિને સંકોરતા લખ્યું હતું. (૨૯ ઓગસ્ટ ૧૯૩૧)

''મુંબઈ બંદરથી ગાંધી નીકળ્યા ત્યારે જ ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. જાણે ઈન્દ્ર

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વિદાયના આંસુ સારી રહ્યો હતો. પરંતુ બાપુને વળાવવા આવેલો વિશાળ માનવ સમુદાય પોતાની જગાએથી ખસતો ન હતો. ચારે બાજુ પાણી જ પાણી.. તેની વચ્ચે અમારી નાનકડી દુનિયા- 'રાજપૂતાના આગબોટ'. હિન્દના હૃદય સમ્રાટની ઐતિહાસિક યાત્રાનું આ દ્રષ્ય સાચે જ હૃદય પિગળાવનારું છે.''

ગોળમેજી પરિષદમાં કોઈ ચમત્કારી પરિણામ આવે તેવી આશા ભાગ્યે જ કોઈની હતી. પરંતુ બાપુએ ઈંગ્લેન્ડના વિશાળ માનવ સમુદાયની હિન્દુસ્તાનની મુક્તિ માટેની લડત માટે વ્યાપક સહાનુભૂતિ મેળવી હતી આ એક મોટી સિધ્ધિ હતી. બાપુ જ્યારે ગળમેજી પરિષદમાંથી હિન્દુસ્તાનમાં પાછા આવ્યા ત્યારે પણ મેઘાણીભાઈએ આ ઐતિહાસિક યાત્રાના નાયકને વધાવતી પંક્તિઓ લખી ! શાયર ભાવુક થઈને ગાંધી જે માર્ગે આવતા હતા તે સાગરને જાગૃત થવા આહવાન કરે છે. દેશનો 'પ્રાણધારલ્લ પાછો આવે છે તેની સુખ-સુવિધા માટે સાગરને 'હૈયે હિંડોળા બાંધવાનીલ્લ વાત મેઘાણીએ અલગ અંદાજમાં કરી છે.

સૂતો રે હોય તો જાગજે સાયર!
ઘેર આવે પ્રાણધાર
હૈયે તારે બાંધ હિંડોળા
મોભી મારો ખાય બે ઝોલા....
માતા ! તારો બેટડો આવે
આશાહીન એકલો આવે.

કાવ્યની અંતિમ પંક્તિઓમાં કવિએ મા-માતૃભૂમિના ગાંધી તરફના વાત્સલ્યનો ભાવ અતિ સુંદર તેમજ અર્થસભર શબ્દોમાં ગૂંથ્યો છે :

તારી કમાઈ ગુમાઈનો રે
મારે માગવો નોય હિસાબ
બેટા ! તારી ખાકની ઝોળી
માતા કેરે મન અમોલી.

શ્રાવણની ભીનાશ લઈને જન્મેલા આપણા મહાકવિ મેઘાણીની તથા દેશના મુક્તિ પર્વની ઓગસ્ટ માસમાં વિશેષ સ્મૃતિ થાય તે સ્વાભાવિક છે. કવિ કાગે તેમને ઉચિત અંજલિ આપતા શબ્દો લખ્યા છે :

હું ભમીયો ભાયાણી
સાતે સાયર ઉતર્યો
પણ મર્મી મેઘાણી
'કાગે' ન દીઠો કાળાઉત.

લોકશાહી ભાવના અંતરથી સ્ફૂરવી જોઈએ : ગાંધીજી

ગાંધીજીના અનેક નિર્ણયો તેમના સાથીઓને ગળે ઉતરતા ન હતા. આવું અસંખ્ય દાખલાઓમાં આપણને જાણવા સમજવા મળે છે. કુટુંબના કે આશ્રમનાં નિકટનાં સામાન્યજનોને તો બાપુના વિચારો અકળાવનારા અને કયારેક દમનકારી જણાતા હતા. જવાહરલાલ નહેરુ કે સરદાર પટેલ જેવા તેમના અગ્રીમ સાથીઓ અને કસ્તૂરબા જેવા તેમના જીવનસાથીને પણ બાપુના વિચારો સામે વાંધો રહેતો હતો. આ બાબત ખુદ ગાંધીજી પણ જાણતા હતા, એથી પણ વિશેષ કદીએ તો ગાંધીજીને એ પણ ખબર હતી કે સાથીઓ તેમના વિચાર સાથે સહમત નથી પરંતુ સંપૂર્ણ વફાદારી અને આદરબુદ્ધિને કારણે તેમની અનેક વાતો અને રિતરસમોનો કડવો - મીઠો ઘૂંટડો હંમેશા પી જતા હતા.

ગાંધીજી વારંવાર કહેતા અને લખતા પણ ખરાં કે હું કહું છું માટે તમે કોઈ કશું ન કરશો, તમને જેટલું રુચે અને પચે તેટલું તમે સહુ તમારી રીતે વ્યવહારમાં મૂકશો. પોતાની વિરુદ્ધની જે જે સંભવિત દલીલો અને ભૂમિકાઓ હોય તે પ્રત્યે ગાંધીજી પોતે જ મિત્રો-મંત્રણાકારો સમક્ષ, અંગુલિનિર્દેશ કરતા રહેતા હતા.

ભારતનો દરેક માણસ વિવિધ મુદ્દે વિચાર કરે, હિંમતથી એ વિચારની રજૂઆત કરે, હરખથી એ વિચારનો અમલ કરે તે માટે ગાંધીજી હંમેશ ઉત્સુક રહેતા. લોકશાહીની આ કેવી ભવ્ય અને અનન્ય માવજત અને ઉપાસના છે ગાંધીમાં જોવા મળતી હતી.

ઈસવી સન ૧૯૩૪ના કેટલાક ઐતિહાસિક બનાવોને ઉલેખ આ સંદર્ભમાં કરવાનું મન

ગાંધીજીના લોકશાહી વ્યક્તિ-વિચારને પુ.ગ. માળવંકરના સહારે સમજીએ

થાય છે. તે સમયનાં ગાંધીજીનાં ઉદ્ગારો અને કાર્યો પરથી એવી હવા અને અફવા ફેલાવા માંડી હતી કે ગાંધીજી કાંગ્રેસમાંથી છૂટા થશે. સ્વાતંત્રયપૂર્વેના ભારતમાં ગ્રેસ એ કોઈ રાજકીય પક્ષ કે સત્તાભિમુખ સંઘ નહોતો, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય — સ્વમાન માટેની એ એક સર્વવ્યાપી પ્રેરણા અને રહેતા. કોંગ્રેસના સભ્યપદ માટે ચાર આનાનું લવાજમ કરતાં ખાદીનાં વસ્ત્રોના ઉપયોગની શરત ગાંધીજીને વધારે મહત્વની લાગતી હતી. કોંગ્રેસના સક્રિય કાર્યકરો શ્રમપ્રતિષ્ઠાના આગ્રહીઓ જ નહિ પણ એ અંગેનું આચરણ કરનારા હોય એવી ગાંધીજીની માંગ હતી. પશ્ચિમના સમાજવાદી પ્રવાહોની અસર હેઠળ આવેલા નવલોહિયાઓ અને ઝંડાધારીઓ પોતાની જુદી પાંખ કોંગ્રેસમાં સ્થાપે એને પણ ગાંધીજીએ આવકારી હતી. પરંતુ એવી સમાજવાદી પાંખની અને સમગ્ર કોંગ્રેસની એકંદર તિરસ સાથે ગાંધીજીની રીતરસમે ગોઠવાતી લાગતી નહોતી. કોંગ્રેસે શાંતિભર્યા અને વાજબી સાધનોનો અવલંબ કરવાની વાત ઉચ્ચારી જ્યારે ગાંધીજીને મન તો ''સત્યમય અને અહિંસક'' સાધનો જ કામનાં અને મહત્ત્વનાં હતાં. આમ, ગાંધીજીએ જોયું કે પોતાના વિચારો-આદર્શો-કાર્યક્રમોને અપનાવવાનું કોંગ્રેસનું વલણ નથી. તેઓ ધારત તે તેમના વડીલપણાથી અને પ્રભાવી તત્વથી, પોતાના બધા મુદ્દાઓ કોંગ્રેસ પક્ષ પર લાદી શકયા હોત. પણ એવું કરવું એ તે બિનલોકશાહીપણાની અવધિ

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

થાય ! ગાંધીજી જેવા લોકશાહીપ્રિય આમાને હાથે એવું બને જ કેમ ! એમણે બીજો રસ્તો અપનાવ્યો— પોતે જ કેંગ્રેસમાંથી છૂટા થયા ! વધુ પાસેના પોતાના સેવાગ્રામ આશ્રમમાંથી ગાંધીજીએ તા. ૧૭ સપ્ટેમ્બર ૧૯૩૪ને રોજ એક લંબાણભર્યું નિવેદન પ્રગટ કર્યું અને પોતે કોંગ્રેસમાંથી છૂટા થવાના છે એ અહેવાલનું સમર્થન કરતાં પોતાના નિર્ણયની ભૂમિકા અને એ માટેનાં કારણો વિગતવાર રજૂ કર્યા. એ આ નિવેદન ગાંધીજીની લોકશાહી ભાવનાથી ભારોભાર રંગાયેલું છે અને ફરી ફરી મનન કરવા યોગ્ય છે.

કોંગ્રેસમાંના બુદ્ધિવાદી વર્ગના મોટા ભાગના લોકો 'મારા વિચારો અને સાધનોથી કંટાળ્યા છેએવી પોતાની છાપ ગાંધીજીએ એમાં સ્પષ્ટપણે વ્યકત કરી. પણ પશ્ચિમની લોકશાહી કટોકટી પર મુકાઈ છે એમ કહીને ગાંધીજીએ સમજાવ્યું હતું કે 'લાંચરુશ્વત અને ઢોંગ લોકશાહીની અનિવાર્ય' નીપજ કદી પણ બનવી ન જોઈએ. પ્રજાની ભાવના, આશા અને અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા થોડાક પ્રતિનિધિઓના આચાર વિચાર સાથે સાચી લોકશાહી અસંગત નથી. સાચી લોકશાહી મારી મચડીને કે બળજબરીથી ન થઈ શકે. ગાંધીજીના મતે લોકશાહીની ભાવના બહારથી લાદી ન શકાય. તે તો અંતરથી સ્ફુરવી જોઈએ.

(પ્રસ્તુત લેખ : લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી, લેખક : પુરુષોત્તમ ગણેશ માવળંતર, સંનિષ્ઠ પ્રકાશન, અમદાવાદ (૧૯૮૪) ના આધારે - સંદર્ભ સાથે રજૂ કર્યો છે.)